# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-06-2025** **Morning: 7.45 TO 7.55**
**Day : TUESDAY** **National News**

### આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

****************************************************

1) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ઈરાન અને ઇઝરાયેલ સંપૂર્ણ યુદ્ધવિરામ માટે સંમત થયા હોવાની જાહેરાત : જોકે ઈરાને આવી કોઈ સમજૂતી થઈ હોવાનો રદિયો આપ્યો.
2) ઈરાને કતારમાં અમેરિકા અને તેનાં સહયોગી દળોનાં અલ ઉદેદ હવાઈ મથક પર બેલિસ્ટિક મિસાઇલ હુમલાઓ કર્યા
3) વૈશ્વિક તેલની કિંમતોમાં બેરલ દીઠ પાંચ ડોલરનો કડાકોઃ પાંચ વર્ષમાં સૌથી મોટો ઘટાડો
4) ઓપરેશન સિંધુ હેઠળ ઇરાનથી 290 ભારતીય અને એક શ્રીલંકન નાગરિકને વધુ એક વિમાન ભારત પરત
5) એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતે ઇંગ્લેન્ડને જીતવા માટે 371 રનનો લક્ષ્યાંક આપ્યો

****************************************************

(હવે પછી આપ એક વાગીને વીસ મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# TRUMP - IRAN ISREAL CEASEFIRE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે ઈરાન અને ઇઝરાયેલ સંપૂર્ણ યુદ્ધવિરામ માટે સંમત થયા છે, જે આગામી કલાકોમાં અમલમાં આવશે. કતારમાં અમેરિકાનાં હવાઈ મથક પર ઈરાની મિસાઈલ હુમલાના થોડા સમય બાદ ગઈકાલે રાત્રે આ જાહેરાત કરવામાં આવી હતી.

ટ્રુથ સોશિયલ પર એક નિવેદનમાં ટ્રમ્પે જણાવ્યું કે બંને દેશો  દ્વારા તેમનાં અંતિમ મિશન પૂર્ણ થઈ જશે ત્યારે યુદ્ધવિરામ શરૂ થશે. નિવેદન અનુસાર, યુદ્ધવિરામનો તબક્કાવાર અમલ કરવામાં આવશે.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ..

## (VOICE CAST – MANOJ)

જોકે, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ઇઝરાયેલ સાથે યુદ્ધવિરામ પર કોઈ પણ સમજૂતીને નકારી કાઢી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં અરાઘચીએ કહ્યું કે  સૈન્ય કાર્યવાહી બંધ કરવા અંગેનો અંતિમ નિર્ણય પછીથી લેવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો ઇઝરાયેલ ઈરાની લોકો સામે તેના ગેરકાયદેસર આક્રમણને અટકાવે તો તહેરાનો પ્રતિસાદ ચાલુ રાખવાનો કોઈ ઇરાદો નથી.

દરમિયાન, ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ સાથે સંકળાયેલી ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા પ્રસ્તાવિત યુદ્ધવિરામની યોજના સંપૂર્ણપણે ખોટી છે અને તેનો હેતુ લોકોનું ધ્યાન હટાવવાનો હતો. એજન્સીએ એમ પણ જણાવ્યું હતું કે, ટ્રમ્પના દાવાઓથી વિપરીત, ઈરાનને યુદ્ધવિરામ માટે કોઈ સત્તાવાર અથવા બિનસત્તાવાર પ્રસ્તાવ મળ્યો નથી.

. . . . . . . . . . . . . . . . . . . .

# IRAN STRIKE-US BASES

ઈરાને સોમવારે કતારમાં અમેરિકા અને તેનાં સહયોગી દળોનાં અલ ઉદેદ હવાઈ મથક પર બેલિસ્ટિક મિસાઇલ હુમલાઓ કર્યા હતા. તેહરાને આ હૂમલાને તેની પરમાણુ સુવિધાઓ પર તાજેતરમાં અમેરિકાએ કરેલા બોમ્બ ધડાકાનાં બદલા તરીકે ગણાવ્યો છે. ઇરાનના હૂમલાનું પ્રાથમિક લક્ષ્ય પશ્ચિમ એશિયામાં અમેરિકાનાં સૌથી મોટા લશ્કરી મથક અલ ઉદેદ હતું, જે દોહામાં આવેલું છે. ઇરાને ઇરાકમાં અમેરિકાના આઇન અલ-અસદ લશ્કરી મથકને પણ નિશાન બનાવ્યું હોવાનાં અહેવાલ છે.

કતાર અને અમેરિકાના અધિકારીઓએ જણાવ્યું કે, આ હૂમલાઓમાં કોઈ જાનહાનિ થઈ નથી કારણ કે વધતા જતા પ્રાદેશિક તણાવને ધ્યાનમાં રાખીને સાવચેતીનાં પગલા રૂપે અગાઉથી જ લશ્કરી મથકોને ખાલી કરી દેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ઇરાનની મિસાઇલોને સફળતાપૂર્વક આંતરવામાં આવી હોવાથી કોઈ નુકસાન થયું નથી.

અમેરિકી સંરક્ષણ અધિકારીએ પુષ્ટિ કરી હતી કે અલ ઉદેદ હવાઈ મથક પર ઈરાનમાંથી ટૂંકા અંતરની અને મધ્યમ અંતરની બેલિસ્ટિક મિસાઇલો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

વધતી જતી તંગદિલીને ધ્યાનમાં રાખતા કતારમાં ભારતીય દૂતાવાસે ભારતીય મૂળનાં નાગરિકોને ઘરની અંદર રહેવા માર્ગદર્શિકા જારી કરી છે.

દરમિયાન, બહેરીન, કુવૈત અને યુએઇએ પોતાનાં હવાઇક્ષેત્રોને પુનઃ ખુલ્લાં મૂક્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

# OIL - PRICES

કતારમાં અલ ઉદેદ અમેરિકન એરબેઝ પર ઈરાનના હુમલા બાદ વૈશ્વિક તેલની કિંમતોમાં પાંચ વર્ષમાં સૌથી મોટો એક દિવસીય ઘટાડો નોંધાયો છે. ઈરાની પરમાણુ સુવિધાઓ પર અમેરિકી હુમલાના જવાબમાં ઈરાને જવાબી હુમલા કર્યા બાદ તેલની કિંમતોમાં બેરલ દીઠ 5 અમેરિકી ડોલરનો ઘટાડો થયો હતો.

સપ્તાહના અંતે તણાવને કારણે તેલ બજારમાં શરૂઆતમાં ઉછાળો આવ્યો હતો પરંતુ ઝડપથી વેચવાલી શરૂ થઈ હતી. ઉલ્લેખનીય છે કે, કતારમાંથી ઊર્જા નિકાસ અથવા ઉત્પાદન પર કોઈ અસર નથી પડી અને કતાર સિવાય અમેરિકાના અન્ય કોઈ લશ્કરી મથક પર હૂમલાનાં અહેવાલ નથી.

ઓઇલનાં ભાવમાં ઘટાડાથી બજારને એ વાતની રાહત થઈ છે કે, ઇરાનના વળતા હૂમલાનો વ્યૂહ આર્થિક લક્ષ્યને બદલે લશ્કરી હૂમલા પર કેન્દ્રીત છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# IRAN-IAEA SUSPENSION

ઈરાનની રાષ્ટ્રીય સુરક્ષા સમિતિએ આંતરરાષ્ટ્રીય અણુ ઊર્જા એજન્સી સાથેના સહકારને સ્થગિત કરતા ખરડાના મુસદ્દાને મંજૂરી આપી છે. આને પગલે પશ્ચિમ એશિયામાં પરમાણુ દેખરેખ અંગે આંતરરાષ્ટ્રીય ચિંતાઓ વધુ ઘેરી બનશે. પ્રસ્તાવિત કાયદાને હજુ સંપૂર્ણ સંસદીય મંજૂરી નથી મળી.

ખરડામાં જણાવવામાં આવ્યું છે કે, જ્યાં સુધી ઈરાન તેની પરમાણુ સુવિધાઓને સુરક્ષિત ન માને ત્યાં સુધી તે પોતાનાં પરમાણુ દેખરેખ માટે ઉપકરણો નહીં સ્થાપવા દે અને તેનું નિરીક્ષણ નહીં કરવા દે.

ઇરાનના અધિકારીઓએ તાજેતરમાં તેનાં પરમાણુ મથકો પર અમેરિકાનાં હૂમલાનાં જવાબમાં આ પગલું ભરીને તેને વાજબી ઠેરવ્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

National Morning News 24-06-2025 at 7.45-7.55 AM-6

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

)ગોન્ગ મ્યુઝિક(

. . . . . . . . . . . . . .

# DNA MATCHING

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં DNA ટેસ્ટથી ૨૫૩ અને ચહેરાથી ૬ એમ કુલ ૨૫૯ મૃતકોની ઓળખ થઇ ચુકી છે, જેમાંથી ૨૫૬ પાર્થિવ દેહ પરિવારજનોને સોંપાવામાં આવ્યા છે, એમ સિવિલ હોસ્પિટલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.રાકેશ જોશીએ જણાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# OPERATION SINDHU

ઇરાનના મશહદથી સલામત ખસેડવામાં આવેલા 290 ભારતીય અને એક શ્રીલંકન નાગરિકને લઇને એક વિશેષ વિમાન ગઈ કાલે ગઈ કાલે સાંજે નવી દિલ્હી પહોંચ્યું હતું.. વિદેશ મંત્રાલયે માહિતી આપી હતી કે, આ સાથે ઓપરેશન સિંધુ હેઠળ અત્યાર સુધીમાં 2003 ભારતીય નાગરિકોને ઈરાનથી સુરક્ષિત પરત લાવવામાં આવ્યા છે.

દરમિયાન ઓપરેશન સિંધુ હેઠળ જોર્ડનનાં અમ્માનથી 161 પ્રવાસીઓની પ્રથમ ટૂકડી આજે નવી દિલ્હી પહોંચશે. આ પ્રવાસીઓને ઇઝરાયેલથી બહાર કાઢીને રોડ માર્ગે અમ્માન લાવવામાં આવ્યા છે.

ઇઝરાયેલ અને ઈરાન વચ્ચેના તાજેતરના ઘટનાક્રમને ધ્યાનમાં રાખીને, સરકારે  ભારતીય મૂળનાં નાગરિકોને સ્વદેશ પરત લાવવા ઓપરેશન સિંધુ શરૂ કર્યું છે.

ભારતીય નાગરિકોને તેલ અવિવમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક સાધવા જણાવાયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# TEST CRICKET- IND - ENG

ટેસ્ટ ક્રિકેટમાં, ભારતે લીડ્ઝના હેડિંગ્લે ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પ્રથમ મેચમાં ઇંગ્લેન્ડને જીતવા માટે 371 રનનો લક્ષ્યાંક આપ્યો છે. લક્ષ્યાંકનો પીછો કરતા ઇંગ્લેન્ડે ગઈકાલેચોથા દિવસની  રમતના અંતે વિના વિકેટે 21 રન બનાવ્યા હતા. ઇંગલેન્ડને જીતવા માટે આજે અંતિમ દિવસે વધુ 350 રનની જરૂર છે. ભારતે મેચ જીતવા માટે તમામ 10 વિકેટ લેવી પડશે.

અગાઉ, ભારતે કેએલ રાહુલ અને રિષભ પંતની શાનદાર સદીની મદદથી બીજી ઇનિંગ્સમાં 364 રન કર્યા હતા. પંતે એક જ ટેસ્ટ મેચમાં બે સદી ફટકારનાર પ્રથમ એશિયન વિકેટકીપર-બેટ્સમેન બનીને પણ ઇતિહાસ રચ્યો હતો. તેમણે પ્રથમ દાવમાં 134 રન પણ બનાવ્યા હતા. પ્રથમ દાવમાં ભારતના 471 રનના જવાબમાં ઇંગ્લેન્ડે 465 રન બનાવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## SQUASH- ATHLETICS-FOOTBALL- BADMINTON

મલેશિયામાં રમાયેલી એશિયન સ્ક્વોશ ડબલ્સ ચેમ્પિયનશિપ 2025માં ભારતીય ખેલાડીઓએ તેમની મિક્સ્ડ ડબલ્સ, મહિલા ડબલ્સ અને પુરુષોની ડબલ્સ પૂલ મેચોમાં શાનદાર જીત મેળવી હતી.

.......

વર્તમાન ભાલા ફેંક વિશ્વ ચેમ્પિયન નીરજ ચોપરા આજે ચેકિયામાં પ્રતિષ્ઠિત ઓસ્ટ્રાવા ગોલ્ડન સ્પાઇક 2025 એથ્લેટિક્સ મીટમાં રમતમાં પાછા ફરશે. આ મેચ ભારતીય સમય પ્રમાણે રાત્રે સાડા દસ કલાકે શરૂ થશે.

------

થાઇલેન્ડમાં રમાઇ રહેલી એએફસી મહિલા એશિયન કપ 2026માં ભારતીય મહિલા ફૂટબોલ ટીમે સોમવારે ક્વોલિફાયર ગ્રુપ બીમાં મંગોલિયા સામે વિક્રમજનક 13-0 જીત સાથે અભિયાનની શરૂઆત કરી હતી. એએફસી મહિલા એશિયન કપ મેચમાં ભારતની અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. અગાઉ ભારતે 1997અને 2005માં ગુઆમ સામે 10-0થી વિજય મેળવ્યો હતો.

--------

આજે આયોવામાં શરૂ થનારી યુએસ ઓપન 2025 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભૂતપૂર્વ વિશ્વ નંબર 1 કિદાંબી શ્રીકાંત ભારતના અભિયાનનું નેતૃત્વ કરશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાત, બિહાર, ઝારખંડ, ઓડિશા, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, કેરળ અને કર્ણાટક સહિતનાં અનેક રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે.

માછીમારોને આજે ગુજરાત. કોંકણ, આંધ્રપ્રદેશના દરિયા, મધ્ય બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રમાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

આવતીકાલથી ઉત્તર પશ્ચિમ ભારતમાં છુટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકીતા શાહ

આજના તમામ અખબારોમાં ઇરાનનો કતાર સ્થિતિ અમેરિકાના સ્થળો ઉપર હુમલાના સમાચાર તમામ અખબારોએ હેડલાઇન્સમાં લીધાં છે..

ગુજરાત સમાચારે લખ્યું છે કે કતારમાં ઇરાનનો અમેરિકન એરબેઝ ઉપર મિસાઇલમારો

ઇરાનના કતાર, સિરિયા, ઇરાકમાં અમેરિકન થાણા પર હુમલા આ હેડલાઇન નવ ગુજરાત સમયની છે

અમેરિકા પછી હવે રશિયા યુધ્ધમાં ઝુકાવવાની તૈયારીમાં એવા સવાલ સાથે ફૂલછાબે હેડલાઇન બનાવી છે

સંદેશ અને દિવ્ય ભાસ્કરે સુરત જળબંબાકારઃ દસ કલાકમાં 11 ઇંચ વરસાદને મુખ્ય સમાચારમાં લીધાં છે

ગુજરાતના બંદરો ઉપર ઇરાન જતા બાસમતી ચોખા અટવાયા, ગુજરાતી ટેસ્ટ ક્રિકેટર દિલીપ દોશીનું નિધન, હોર્મુઝ ખાડી બંધ ન કરવા અનેક દેશોની અપીલ જેવા સમાચાર પણ દરેક અખબારોએ પહેલા પેજ ઉપર પ્રકાશિત કર્યા છે

રાજ્ય અને સ્થાનિક સમાચારોમાં દરેક અખબારોએ કડીમાં ભાજપ અને વિસાવદરમાં આપના વિજયના સમાચાર તસવીરો સાથે છાપ્યા છે જ્યારે સુરતમાં પડેલા વરસાદ અને ત્યારબાદની સ્થિતિને વર્ણવતા સમચાર તસવીરો સાથે પ્રસિધ્ધ કર્યા છે.. મોદી સ્ટેડિયમને ઉડાવી દેવાની ધમકી આપનારી યુવતીની ધરપકડના સમાચાર પણ તમામ અખબારોના છેલ્લા પેજ ઉપર જોવા મળી રહ્યાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .